–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતિ રિવરફ્રન્ટ (પુર્વ) માર્ગ પર ડફનાળાથી પ્રવેશ કરી સ્વામીનારાયણ મંદિર (નારણઘાટ) તરફ જતા માર્ગ પર રેલ્વે બ્રિજની બાજુમાં બુલેટ ટ્રેનના પીલ્લર ઉપર સેગ્મેટ (કાસટીંગ) લગાવવાનું કામ કરવાનું હોય જેમાં કામ કરનાર એજન્સી દ્વારા શંભુ કોફીબારથી નિર્માણ પામેલ બુલેટ ટ્રેનના પીલ્લર સુધીનો ૧૦૦ મીટરનો સર્વિસ રોડ કામ કરનાર એજન્સી દ્વારા નવો બનાવી હાલનો હયાત એક લેનનો ૧૦૦ મીટરનો રોડ બંધ કરી નવા બનનાર સર્વિસ રોડ તેમજ મુખ્ય રોડ ઉપરથી ટ્રાફિક પસાર થઇ શકશે. આ કામગીરી **તા.૧/૧૧/૨૦૨૫ થી તા.૧૦/૬/૨૦૨૬ સુધી** ચાલનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	સાબરમતિ રિવરફ્રન્ટ (પુર્વ) માર્ગ પર ડફનાળાથી પ્રવેશ કરી સ્વામીનારાયણ મંદિર (નારણઘાટ) તરફ જતા શંભુ કોફીબારથી બુલેટ ટ્રેનના પીલ્લર સુધીનો આશરે ૧૦૦ મીટર જેટલો એક લેનનો માર્ગ વાહનોની અવર–જવર માટે બંધ રહેશે.	ડફનાળા તરફથી રેલ્વે ઓવરબ્રિજ તરફ આવતો ટ્રાફિક રિવરફ્રન્ટ વાળા રોડ ઉપર હયાત લેન પર ચાલુ રાખવામાં આવશે. તેમજ શંભુ કોફીબાર પાસે કંપની દ્વારા ૧૦૦ મીટરનો નવો રોડ બનાવવામાં આવનાર છે તે બીજી લેન પર ટ્રાફિક ચાલુ રહેશે જેની સદર રોડ ઉપર વાહનો નિયમિતરૂપે અવર–જવર કરી શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૧૮/૧૦/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર